Sunday
16.06.2024
✳Volume :8 ✳ Issue No.326
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor: Arjun Sondarva
✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પીએમ ગતિશક્તિ હેઠળ નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપની ૭૨મી બેઠકમાં ત્રણ મુખ્ય માળખાકીય પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

નેટવર્ક પ્લાનિંગ ગ્રુપ (એનપીજી)ની ૭૨મી બેઠક ૧૨મીજૂન, ૨૦૨૪નારોજ નવી દિલ્હીમાં બોલાવવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) ના અધિક સચિવ શ્રી રાજીવ સિંહ ઠાકુરે કરી હતી. આ બેઠકમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (એમઓઆરટીએચ), રેલ મંત્રાલય (એમઓઆર), અને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (એમઓઓચયૂ)ની ત્રણ મહત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટના મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરવામાંઆવ્યું. પ્રોજેક્ટનું મૂલ્યાંકન પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (એનએમપી)ના સિદ્ધાંતો સાથે સુસંગતતા માટે કરવામાં આવ્યું. પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન અને તેના અપેક્ષિત અસરોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

૧. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH) ના જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં રાફિયાબાદથી ચમકકોટ સુધીના NH-701ના 51 કિલોમીટર લાંબા સેક્શનનું બાંધકામ અને અપગ્રેડેશન સામેલ છે. ગ્રીનફિલ્ડ (૧૪.૩૪ કિમી) અને બ્રાઉનફિલ્ડ (૩૬.૬૬ કિમી) બંને વિકાસસાથે, પ્રોજેક્ટનો ખર્ચ ૧,૪૦૫ કરોડ રુપિયા થવાની ધારણા છે. અપગ્રેડેડ રૂટ કુપવાડા, ચોકીબલ અને તંગધાર જેવા ગામો માટે જોડાણમાં નોંધપાત્ર વધારો કરશે, સંરક્ષણ દળો માટે લોજિસ્ટિકલ સપોર્ટમાં સુધારો કરશે અને આરોગ્ય, શિક્ષણ અને વ્યવસાયની તકો સુધી વધુ સારી પહોંચ પ્રદાન કરીને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓને વેગ આપશે.

૨. રેલવે મંત્રાલય (MoR)ની આંધ્રપ્રદેશમાં ગુડૂર-રેનિગુંટા ત્રીજી રેલ લાઇન

આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં ગુડૂર અને રેનિગુંટા સ્ટેશનો વચ્ચે ત્રીજી રેલ લાઇનના નિર્માણમાં ૮૩.૧૭ કિલોમીટરની લાઈનનોસામેલ છે જેનો ઉદ્દેશ્ય હાલની ડબલ લાઈનની ક્ષમતા વધારવાનો છે. ૮૮૪ કરોડ રુપિયાના અંદાજિત ખર્ચ સાથે, આ પ્રોજેક્ટ પેસેન્જર અને કાર્ગો હિલચાલની કાર્યક્ષમતામાં સુધારો કરશે, જેમાં ૩૬.૫૮ હેક્ટર જમીનની જરૂર પડશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડમાં નવા પુલો, વિસ્તૃત અંડરપાસ અને અદ્યતન સિગ્નલિંગ સિસ્ટમનો સમાવેશ થશે, જે નોંધપાત્ર રીતે પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે.

૩. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) નામહારાષ્ટ્રમાં પુણે મેટ્રો લાઇનનું વિસ્તરણ

આ MoHUA પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઓપરેશનલ મેટ્રો કોરિડોરને વનાઝથી પુણેમાં રામવાડી સુધી વિસ્તારવાનો છે. આ પ્રોજેક્ટમાં વનાઝ-રામવાડી મેટ્રો કોરિડોરના પૂર્વ અને પશ્ચિમ છેડા પર બે લાઈનના વિસ્તરણનો સમાવેશ થાય છે. પશ્ચિમ બાજુનો આ વિસ્તરણ એ વનાઝથી ચાંદની ચોક સુધી ૧.૧૨ કિલોમીટરનો એલિવેટેડ વિભાગ છે, જ્યારે પૂર્વ તરફનો વિસ્તાર રામવાડીથી વાઘોલી/વિઠ્ઠલવાડી સુધીનો ૧૧.૬૩ કિલોમીટરનો એલિવેટેડ વિભાગ છે. આ એલિવેટેડ મેટ્રો કોરિડોરની કુલ લંબાઈ ૧૨.૭૫ કિલોમીટર હશે અને તેનું નિર્માણ અંદાજિત ૩,૭૫૭ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે.

આ લાઈન માટે દૈનિક રાઈડર્સ ૨૦૨૭ સુધીમાં ૩.૫૯ લાખ સુધી પહોંચવાની ધારણા છે, અને ૨૦૫૭ સુધીમાં તે વધીને ૯.૯૩ લાખ થવાનો અંદાજ છે. આ વિસ્તરણ મધ્ય પુણેને ઝડપથી વિકસતા ઉપનગરો સાથે જોડશે, મુસાફરીનો સમય અને રસ્તાની ભીડ ઘટાડશેઅને શહેરના જાહેર પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરશે. મીટિંગ દરમિયાન, તમામ પ્રોજેક્ટ્સનું તેમના સંકલિત આયોજન અને પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (NMP)ના સિદ્ધાંતો સાથે સંરેખણ માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સામાજિક-આર્થિક લાભો, સુધારેલી કનેક્ટિવિટી, પરિવહન ખર્ચમાં ઘટાડો અને ઉન્નત કાર્યક્ષમતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ મલ્ટિમોડલ એકીકરણને પ્રોત્સાહન આપવાનો, સમગ્ર પરિવહન અને લોજિસ્ટિક્સનેટવર્કને વધારવાનો પણ છે. આ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા, પરિવહનના વિવિધ પ્રકારોને એકીકૃત કરવા અને નોંધપાત્ર સામાજિક-આર્થિક લાભો અને રહેવાની સરળતા પ્રદાન કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવે તેવી અપેક્ષા છે, જેનાથી પ્રદેશોના સર્વાંગી વિકાસમાં યોગદાન મળશે.

કમલમ્ ન્યુઝ,

પળિયાદ પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા મા ભાવનગર-બોટાદ લોકસભા ના સાંસદ તેમજ ભારત સરકાર ના કેન્દ્રીય મંત્રી શ્રી નિમુબેનબાંભણીયા ઠાકરશ્રી વિહળાનાથના તેમજ પરમ પૂજ્યશ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના દર્શને આવેલ પૂજ્ય બા અને પૂજ્ય ભયલુબાપુદ્વારા નવનિયુક્ત કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન નુંસન્માન કરવામાંઆવ્યું ત્યારબાદ ભાજપ પરિવારવતી શ્રી નીમુબેન નો સન્માન સમારોહ નું આયોજન કરવામાંઆવ્યું હતુંઆ પ્રસંગેપરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા, પૂજ્ય શ્રી ભયલુબાપુની પ્રેરક ઉપસ્થિતી રહી હતીઆ પ્રસંગેબોટાદ જિલ્લાભાજપ પ્રમુખ શ્રીમયૂરભાઈ પટેલ, બોટાદ ભાજપ મહામંત્રીશ્રી જામસંગભાઈ, બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જેઠીબેન પરમાર, બોટાદ તાલુકા પંચાયતપ્રમુખ શ્રી મંજુબેનબારૈયા, બોટાદ apmc ચેરમેન શ્રીમનહરભાઈ માતરિયા, રાણપુર apmc ચેરમેન શ્રી કિશોરભાઈધાધલ અને સૌભાજપ પક્ષના હોદ્દેદારોઅને કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યા માહજાર રહ્યા હતાઅને ભાજપ પરિવાર બોટાદ વતી શ્રી નિમુબેનનું સૌ એ સન્માન કર્યું હતું.

કમલમ્ ન્યુઝ,

મોટા રામણદા ગામે, ગોગા મહારાજજીના મંદિર ખાતે સમસ્ત રણછોડભા રાજપુત પરિવાર દ્વારા આયોજિત શ્રી ગોગા મહારાજનો ફોટો પ્રાણ પ્રતિષ્ઠામહોત્સવમાં માન. કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહીદર્શન કરીઆશીર્વાદ મેળવ્યાં. આ પ્રસંગેશ્રી કાળુભા, શ્રી ઉદાભા, શ્રી મહિપતસિંહ રાજપૂત, શ્રી ગુલાબસિંહ, શ્રી કનુભાઈ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી દેવાભા, સંતો મહંતો, સંગઠનના હોદ્દેદારો, સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

AIના પ્રભાવ વચ્ચે દેશ-દુનિયા સાથે તાલ મિલાવવા યુવાનોમાં વાંચન- સર્જનાત્મકતા જરૂરી :-યુવા- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર

‘સર્જક સાથે સંવાદ’ કાર્યક્રમમાં પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ અને જાણીતા લેખક શ્રી ભવેન કચ્છીએ તેમની વાચકથી સર્જક સુધીની યાત્રા સાજા કરી

કમલમ્ ન્યુઝ,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ -AI નાપ્રભાવવચ્ચે સમાજ, દેશ-દુનિયા સાથે તાલ મિલાવવા યુવાનોમાં વિવિધ વાંચન અને સર્જનાત્મકતા જરૂરી છે. AIના યુગમાંઆપણે સર્જન શક્તિથી દૂર થઈ રહ્યાછીએ ત્યારે વિવિધ વાંચન જ બાળકો તેમજ યુવાનોને તેમના મૂળ-સંસ્કારો સાથે જોડી રાખશે તેમ,આજે ગાંધીનગર ખાતે‘સર્જક સાથે સંવાદ’ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે જણાવ્યું હતું. ગુજરાત પ્રેસ અકાદમી અને ગ્રંથાલય નિયામકના સંયુક્ત ઉપક્રમે આજે નવતર પહેલના ભાગરૂપે પ્રથમવાર ‘સર્જક સાથે સંવાદ’ કાર્યક્રમ સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાયોહતો. આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત સાહિત્યકાર - પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ અને વરિષ્ઠ કોલમિસ્ટ શ્રીભવેન કચ્છીએ તેમની સર્જક તરીકેની સફળ યાત્રાના અનુભવો સાહિત્ય-પ્રેમીઓ-શ્રોતાઓ સાથે સાઝા કર્યા હતા.

વાંચનનો અનોખો શોખ ધરાવતા અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે કહ્યું હતું કે, તત્કાલિન મુખ્ય મંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોમાં વાંચનનો શોખ વધે તેવા ઉમદા હેતુથી વર્ષ ૨૦૧૦માં ગુજરાતમાં પ્રથમવાર ‘વાંચે ગુજરાત’ અભિયાન શરૂ કર્યુંહતું. આ સફળ અભિયાનને આગળ વધારતા આગામી સમયમાં રાજ્યમાં ‘વાંચે ગુજરાત અભિયાન’ ૨.૦ શરૂ કરવાની તૈયારીઓચાલી રહી છે. મોબાઈલની દુનિયામાં વાંચનનું પ્રમાણ ઘટી રહ્યુંછે ત્યારે બાળકો-યુવાનોમાં વાંચનનોશોખ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા મથકોએ આધુનિક ગ્રંથાલયોનું નિર્માણ કરવામાંઆવી રહ્યું છે. ટેકનોલોજીના યુગમાં ઓડિયો દ્વારા પણ સારા પુસ્તકો સાંભળીને વાંચી શકાય છે તેવા તેમના પોતાના અનુભવો પણ આ પ્રસંગે શેર કર્યા હતા.

સ્પર્ધાત્મક પરીક્ષામાં વિવિધ વિષયોનું વાંચન જ વિદ્યાર્થીને સફળતા અપાવે છે તેમ, તેમણે જણાવી આ સંવાદના અનોખા આયોજન બદલ આયોજકોને અભિનંદનપાઠવ્યા હતા. માહિતી નિયામકશ્રી કે. એલ.બચાણીએઆ પ્રસંગે એક જ છત નીચે ઉપસ્થિત વાચક, વાહક, સાધક, લેખક અને સર્જકોને આવકારતા કહ્યું હતું કે, ઋગ્વેદમાંપણ ઉલ્લેખછે કે, ‘હે પ્રભુ ચારેય દિશામાંથી અમારા માટે ઉત્તમ વિચારો વહેતા રહે’. સારા પુસ્તકો પ્રસિદ્ધ થાય છે પણ તેના સર્જક-લેખકને આ સુંદર પુસ્તકો લખવાનો વિચાર ક્યાંથી- કેવી રીતે આવ્યો? તેનામાટે આજે આ ‘સર્જક સાથે સીધો સંવાદ’ સ્વરૂપે આ એક કાર્યક્રમકરવાની પ્રથમનવતર પહેલ હાથ ધરીછે. આસંવાદની સફળતા બાદ આગામી સમયમાં જિલ્લા મથકે પણ આપ્રકારના‘સર્જક સાથે સંવાદ’ કાર્યક્રમ યોજવામાં આવશે. નિયામકશ્રીએ લોકશાહીમાં અખબારનું મહત્વસમજાવતાકહ્યું હતુંકે, યોદ્ધાનેપોલિયન બોનાપાર્ટ પણ કહેતોહતોકે મનેચાર દેશોની સેના સામે જેટલો ડર નથી લાગતો તેટલોડરએક અખબારથીલાગેછે. આજના યુગમાંસાહિત્ય સર્જનની સાથે તેના સર્જક કોણ છે તેનું પણ વિશેષ મહત્વ હોય છે તેમ તેમણે ઉમેર્યું હતું. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ સાહિત્ય-પત્રકારત્વ ક્ષેત્રે તેમની સર્જકયાત્રાના અનુભવ શેર કરતાં કહ્યું હતું કે, બાળપણથી જ ઘરમાં વાંચન- સર્જનના સંસ્કારો મળ્યા છે. ૧૦-૧૨ વર્ષની બાળ અવસ્થામાં પણ ’ગુજરાત સમાચારના તે વખતના બાળ સાપ્તાહિક ’ઝગમગ’માં ભારતના પ્રતાપી રાજાઓ-શહીદો વિશે રસપ્રદ કથાઓ લખી હતી જેના પરિણામે તે વખતે સામાન્ય રીતે વેચાતી ૧૨,૦૦૦ જેટલીપ્રતસામે તે અંકની ૫૦,૦૦૦ જેટલી પ્રત વેચાઈહતી. અખબારમાંઈટ અને ઈમારત કોલમ, દિવ્યાંગો વિશે, કચ્છી ભૂમિપરની શૌર્ય ગાથાઓ, રમત ગમત, રાજકીય વ્યક્તિત્વ વિશેષ શહીદ વિવિધ વિષય પર તેમણે લખેલા પુસ્તકો, સાહિત્ય, લેખોના સર્જન પાછળનો તેમણે ટૂંકમાં પરિચય તેમજ મર્મ સમજાવ્યો હતો. સાહિત્યકાર, કોલમિસ્ટ, સર્જક શ્રી ભવેન કચ્છીએ સાહિત્ય-પત્રકારત્વ ક્ષેત્રે પોતાની સર્જક યાત્રા વિશે કહ્યું હતું કે, વાંચનનાશોખીન એવા તેમના પિતાશ્રીએ તેવખતે લાયબ્રેરીમાંથી અલગ અલગ વિષયોના પુસ્તકો લાવવા-લઈ જવાની જવાબદારી તેમને ૧૨વર્ષની ઉંમરે આપી હતી એટલે બાળપણથી જ પુસ્તકો વાંચનના સંસ્કાર મળ્યા છે. બાળપણમાં તેઓને સૌથી વધુ ઝગમગ પૂર્તિ વાંચવી ગમતી હતી. ૧૨ વર્ષની વયે જ સાહિત્ય ક્ષેત્રે કંઈકનવું સર્જન કરવાનો નિર્ધારના પરિણામે આજે આ મુકામ પર પહોંચ્યો છું. પત્રકારત્વ તરીકે કારકિર્દીનો પ્રારંભ ગુજરાત સમાચાર અને પછી સંદેશમાંથી થયો હતો. તે વખતે ડૉ. કુમારપાળ દેસાઈના લેખ, વિવિધ સાહિત્ય સર્જન પરથી લખવાનીપ્રેરણા મળી હતી.

આ સિવાય વિવિધ અખબારોમાંરમત-ગમતનું આખુ પેજ તૈયાર કરવાની તક મળી હતી. ઉપરાંત ગુજરાતસમાચારમાં કરંટ ટોપીક સહિત ‘વિવિધા’ તેમજ ‘હેરોઈઝન’ જેવી ખાસ લેખની શ્રેણીતૈયાર કરવાનુંસદભાગ્ય પ્રાપ્ત થયું. આ યાત્રા આજે પણ અવિરતપણે ચાલી રહી છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે સર્જકો સાથે વાચકો-શ્રોતાઓએ પ્રશ્નો સ્વરૂપે સંવાદ પણ યોજ્યો હતો. જેમાં સર્જકો દ્વારા લખાયેલા વિવિધ પુસ્તકો, તેના નામ, લેખ, તેની પાછળનો હેતુ, વિચાર ક્યાંથી આવ્યો તેનો વિસ્તૃત સંતોષકારક તેમજ રસપ્રદ જવાબો સર્જક શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી ભવેન કચ્છી દ્વારા ઉપસ્થિત સાહિત્ય રસિકોને આપવામાં આવ્યા હતા. સંવાદના પ્રારંભે ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલક ત્રિવેદીએ મહાનુભાવોનું સ્વાગત કરીને સર્જકપદ્મ શ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ભવેન કચ્છીનો આગવી શૈલીમાં વિસ્તૃત પરિચય કરાવીને તેમના સાથેના અનુભવો શેર કર્યા હતા.

આ કાર્યક્રમમાં ગ્રંથાલય નિયામક શ્રી ડૉ.પંકજ ગોસ્વામી, સાહિત્યકારો સર્વ શ્રી હરિકિષ્ણ પાઠક, રાઘવજી માધડ, ડૉ. કેશુભાઈ દેસાઈ, કનૈયાલાલ ભટ્ટ, કલ્પેશ પટેલ, કિશોર જિકાદરા,ડૉ.સુરેશ જોષી, ડૉ.ધૈવત શુક્લ સહિત ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકારો, લેખકો, સર્જકો, કોલમિસ્ટ, પત્રકારો, વાચક ભાઈ-બહેનો, માહિતીનિયામકશ્રી તેમજ ગ્રંથાલય નિયામકની કચેરીના અધિકારીઓ-કર્મયોગીઓ સહિત મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમી યુવાનો, વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રગટ પ્રગટેશ્વર ધામ આછવણીના અધિષ્ટાતા ધર્માચાર્ય પૂ.પરભુદાદાના ૮૫માંજન્મ દિવસનીઉજવણી નાસિકજિલ્લાના ચાંદવડ તાલુકાના લાસલગાંવ ખાતેઆનંદ અને ઉત્સાહથી કરવામાંઆવી હતી. આઉજવણીનો શુભારંભ સવારે બ્રહ્મમુહૂર્તમાંએક કુંડીધન્વંતરી યજ્ઞથી કરવામાં આવ્યો હતો. વહેલી સવારે શરૂ થયેલા ભગવાન ધનવંતરી યજ્ઞનું ભૂદેવઅનિલ જોષીઅને કશ્યપભાઈ જાની દ્વારા ઉત્તમ મંત્રોચ્ચાર સાથે સમાપન કરવામાં આવ્યું હતું. ભગવાન ધન્વંતરિ દેવતા તેમના ગુરુને સારું સ્વાસ્થ્ય આપે તેવી પ્રાર્થના કરતી વખતે યજ્ઞના યજમાન અને સમગ્ર શિવ પરિવારના સ્વાસ્થ્ય માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી. સંત જનાર્દન સ્વામી આશ્રમના મહંત જનેશ્વર સ્વામી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૮૫ દીવા પ્રગટાવીને ૮૫માં જન્મદિવસની ઉજવણીકરવામાં આવીહતી. ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડાઅને પેનનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ સૌનુંજીવન સુખી, સમૃદ્ધિવાન, નિરોગી અને કલ્યાણકારી બને તેવાઆશીર્વચન પાઠવતાંજણાવ્યું હતુંકે, સદગુરુના માર્ગદર્શનનું પાલન, ભક્તિ, સત્સંગઅને સત્કર્મ કરશો તોજીવન અવશ્ય પરિપૂર્ણ થશે તેમણેજન્મદિવસ નિમિત્તેકલ્પનાતીત કાર્યક્રમ કરવાબદલ આયોજકોનો આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે વિનોદભાઈ પટેલ(મામા)એ શિવ પરિવાર દ્વારા અન્નદાન, શૈક્ષણિક, સામાજિક, પર્યાવરણીય, સાધુ સંત, ગરીબ, અપંગ, અનાથ વગેરે દ્વારા ચાલુ આધ્યાત્મિક કાર્ય. જરૂરી ચીજવસ્તુઓ, વાસણો, કપડાં, શૈક્ષણિક સામગ્રીના વિતરણ અંગેની માહિતી આપી હતી. અમરનાથ મહાદેવ (લાસલગાંવ)નો અભિષેક આરતી કરીત્યાંથીઅને ત્યાંથીબગીઓ, ડીજે અને બેન્ડ સાથે આતશબાજી સાથે ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો.સ્થાનિક નાગરિકોએ દ્વિ-માર્ગી શોભાયાત્રાજોવા અને તેમના ગુરુના દર્શન કરવા લાસલગાંવના મુખ્ય માર્ગ પર ભીડ જમાવી હતી. ત્યાર બાદ સ્વામી રિસોર્ટ મંગલ કાર્યાલય ખાતે વૈજાપુરના ફટાકડા અને દિપપ્રાગટયકારોએ આકર્ષકફટાકડાનું પ્રદર્શન રજૂ કર્યું હતું. ઓટોમેટિક ડેકોરેટિવ ખુલ્લા વાહનમાં ફૂલોની વર્ષા સાથે ભવ્ય મંચ પર બિરાજ્યા પછી, યોગેશ ખાંદવેઅને યોગીતા ખાંદવેએ સ્વાગત કર્યું હતું, રોહિણી ઠાકરેમધુર સ્વાગતગીત રજૂ કર્યુ હતું.ઓફિસ ડાયરેક્ટર રવિન્દ્ર હોલકર તેમના પરિવાર અને બિપીનભાઈ પરમારના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆતકરવામાં આવીહતી. મંગળાઠાકરની આગેવાની હેઠળ સામુદાયિક સદગુરુ આરતી, સીતાબેન અને ગુજરાત મહિલા શિવભક્તોએ ખાસ વેશભૂષામાં બારા જ્યોતિર્લિંગ આરતી અને મંગેશ શિંદેના યુવાસંચાલક દ્વારાશ્રી શનૈશ્ચરઆરતી કરી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

ડાંગ જિલ્લાના ખેડુતો પ્રાકૃતિક ખેતીમાં અગ્રેસર

રાસાયણીક ખાતરના ઉપયોગ કરતાં પ્રાકૃતિક ખેતીમાં બમણો ફાયદો થાય છે - પ્રગતીશીલ ખેડુત શ્રી સુકીરાવભાઈ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

રાજયમા ડાંગ જિલ્લાના ખેડુતો સૌથી ઓછો રાસાયણીક ખાતરનો વપરાશ કરે છે. જ્યારે જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ માત્ર શાકભાજીના પાકમા, અને તે પણ જ્યા શાકભાજીના રોકડીયા પાક લેવામા આવે છે તેમા જ થાય છે. જેનો કુલ વિસ્તાર ૫૦૦ હેક્ટરથી વધુ નથી. આ સીવાય કોઈપણ પાકમા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવાની જરૂર પડતી નથી. જેનુ મુખ્ય કારણ અહિનુ પ્રાકૃતિક હવામાન છે. આમ, ડાગ જિલ્લો મહદ અંશે પ્રાકૃતિક જિલ્લોજ છે, અને અહિના ખેડુતો ધીમે - ધીમે મક્કમતાથી સો ટકા પ્રાકૃતિક ખેતી તરફ અગ્રેસર થઈ રહ્યાછે. ડાંગજિલ્લાના સુબિર તાલુકાના ચિખલીગામના પ્રાકૃતિક ખેતીનામાસ્ટર ટ્રેનર તેમજ પ્રાકૃતિક ખેતીના પ્રગતીશીલ ખેડુત શ્રી સુકીરાવભાઈ લાહનુભાઈ ગાયકવાડ પ્રાકૃતિક ખેતી અપનાવી બમણીઆવક મેળવીરહ્યાંછે. શ્રી સુકીરાવભાઈ જણાવે છે કે, શરૂઆતમાં તેઓદેશી બિયારણનો ઉપયોગ કરી ચીલાચાલુ પધ્ધતીથી વાવેતર કરતા હતા. જેમાં તેઓનુ ઉત્પાદન ઓછુ આવતુ હતુ. જે બાદ આત્મા પ્રોજેકટમાં જોડાયા. જ્યાં પ્રેરણાપ્રવાસ કર્યા તેમજ જુદી જુદી તાલીમ લઈ નાગલીની ખેતી કરવા અંગેની જાણકારી મેળવી, અને તે પ્રમાણે ખેતી કરતાં થયા. આ ઉપરાંત વૈજ્ઞાનિકોના માર્ગદર્શન દ્વારાઅંતર પ્રમાણેવાવેતર કરવાથી ઉત્પાદનમાં વધારો થયો છે. પ્રગતીશીલ ખેડુતશ્રી સુકીરાવભાઈ પ્રાકૃતિક ખેતીના ફાયદા અંગે જણાવે છે કે, શરૂઆતમાં પ્રાકૃતિક ખેતીના પાકમાં રોગ જીવાત તથા જીવાતનો ઉપદ્રવ થાય તો પાક નિષ્ફળ જવાની તેમજ ઉત્પાદન ઓછું મળતા નુકસાન થવાની તેઓને બીક હતી. પરંતુ આત્મા પ્રોજેક્ટના સ્ટાફ દ્વારા તાલીમ મેળવીપ્રાકૃતીક ખેતીના પાંચ સ્તંભ આધારીત ખેતીની શરૂઆત કરી. જેમાં સૌ પ્રથમ ડાંગરના દેશી બિયારણમાંલાલ કડા, કૃષ્ણ કમોદ, બ્લેક રાઈસ વગેરે દેશીબિયારણનો ઉપયોગ કરીખેતીની શરૂઆત કરી, અને સારા પાક ઉત્પાદનની સાથે સારી આવક પ્રાપ્ત થઈ છે. પહેલાં રાસાયણીક ખેતી પધ્ધતીથી કરતી ખેતી દ્વારા તેઓની જમીન કઠણ બનીગઈ હતી.

જેનાંથી ખેડાણ કરવામાંપણ ખુબ સમય જતો હતો. પરંતુ પ્રાકૃતિક ખેતી અપનાવ્યાં બાદ, પ્રાકૃતીક ખેતીમાં બીજ વાવણી વખતે બીજામૃતનો પટ આપી વાવણી કર્યા બાદ પાયામાં જીવામૃત અને ઘનજીવામૃતનો પટ આપ્યો, તથા રોગ જીવાતમાં જંતુનાશક અસ્ત્રો તથા મીક્ષ પાકના વાવેતર કરીમલચીગ કર્યુ, અને જમીનમાં સુધારો થવા લાગ્યો છે. પ્રાકૃતિક ખેતી પધ્ધતી શરૂ કર્યા બાદ જમીનમાં અળસિયાનો વધારો જોવા મળ્યો છે. જમીનની નિતાર શક્તિ વધી છે. જેથી હવે લાંબા સમય સુધી જમીનમાંભેજનો સંગ્રહ જોવા મળે છે. તેમજ પાકની ગુણવત્તામાંપણ વધારો થયો છે. શ્રી સુકીરાવભાઈ પ્રાકૃતિક ખેતીમાં સૌ પ્રથમ ખરીફ ઋતુમાં દેશી બિયારણોમાં ડાંગર જેમાં આંબામોર, દેશી કોલમ, ફૂટિયા, ઈન્દ્રાણી તેમજ રવિ ઋતુમાં શાકભાજી પાકચણા, અને આંબા કલમ તથા માછલી પાલન કરી આવક મેળવી રહ્યા છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં તેઓના અલગ અલગ પ્રકારના પ્રાકૃતિક ખેતીના પાકોથી રૂપિયા એક લાખ દસ હજારનીઆવકપ્રાપ્ત થઈછે. અન્ય ખેડુતોને પ્રાકૃતિકખેતીનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી શ્રી સુકીરાવભાઈએ પોતાના ખેતરમાં મોડલ ફાર્મ બનાવ્યું છે. અહિં અલગ અલગ સંસ્થાઓમાંથી ખેડુતો મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીની માહિતી મેળવી રહ્યા છે. આમ,પ્રાકૃતિક ખેતીમાંખૂબ ઓછો ખર્ચ કરીને વધુ આવક મેળવી શકાય છે,તેનું ઉત્તમઉદાહરણ પ્રગતીશીલ ખેડુત શ્રી સુકીરાવભાઈ પ્રાકૃતિક ખેતીમાં વૈજ્ઞાનિક અભીગમ અપનાવી અન્યો ખેડુતોને પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારીકની પ્રેરણાથી આવકારદાયક પહેલ

પોસ્ટ વિભાગની બેકિંગ ચેનલ હેઠળ અરવલ્લી જિલ્લા ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં જિલ્લા કલેક્ટર કચેરીના કર્મચારીઓ માટે અનોખી પહેલ

અરવલ્લી વહીવટી તંત્ર પોતાના કર્મચારીઓ માટે હંમેશા સંવેદનશીલ

કમલમ્ ન્યુઝ,અરવલ્લી

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન અને પ્રેરણાથી કલેક્ટર કચેરી ખાતે પોસ્ટલ વિભાગ તરફથી કલેક્ટર કચેરીનાવર્ગ -૪ના દરેક કર્મચારીઓને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની એક્સિડેન્ટલ પોલીસીની યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.જેના અંતર્ગત પોસ્ટ વિભાગ માત્ર૫૫૫ પ્રતિ વર્ષ ના પ્રીમિયમ માં ૧૦ લાખ નું જોખમ તથા ૭૫૫ માં ૧૫ લાખ નું જોખમ આપે છે. તથા ૧ લાખ નું આકસ્મિક મેડીકલેઈમ પણ મળવાપાત્ર છે.એક્સિડેન્ટલ પોલિસી લેવા માટે કલેકટર કચેરીના કર્મચારીઓજોડાયા હતા. જેના ભાગરૂપે જેના ભાગરૂપે નિવાસી અધિક કલેકટરશ્રી જસવંતભાઈ જેગોડાની આગેવાની હેઠળ આજે ૯૯ થી ૧૦૦ જેટલા વર્ગ-૪ ના કર્મચારીઓની એકસીડેન્ટલ પોલીસીલેવામાંઆવી ,આનંદની વાતએ છે કે વર્ગ૪ ના તમામ કર્મચારીઓની પોલીસી કલેકટર કચેરીના અધિકારીઓના સહીયારા કોન્ટ્રીબ્યુશનથી લેવામાં આવી.નિવાસીઅધિક કલેકટરશ્રી દ્વારા જણાવ્યું હતું કે કર્મચારીઓ પોતાની કામની ફરજ સાથે સામાજિક અને પારિવારિક ફરજમાં પણ સારી રીતે નિભાવી શકે તે હેતુથી આ સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે.અરવલ્લી વહીવટી તંત્ર આવાઅનેક કાર્યક્રમો થકીકર્મચારીઓ પ્રત્યે હંમેશા સંપૂર્ણ સંવેદનશીલછે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૪૬૨ સ્થળેકરાશે :બે લાખ ૬૦ હજાર જેટલા નાગરિકો સહભાગીબનશે

દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ ઉપર ઉજવવામાં આવશે : જિલ્લા કલેકટર શ્રી સંજય મોદી

જિલ્લામાં ૧૩ આઇકોનિક સ્થળ ખાતે યોગના વિશેષ કાર્યક્રમનું આયોજન : જિલ્લા કક્ષાનો શહેરી કાર્યક્રમ ગાંધીનગર ખાતે અને ગ્રામ્યનો કાર્યક્રમ કલોલ ખાતે યોજાશે.

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં દશમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક વધુમાં વધુલોકો સ્વયં સહભાગીબને તેવાઉમદા આશય સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવનાર છે, તેવું જિલ્લાના ઇ.ચા. કલેકટર અને જિલ્લાવિકાસ અધિકારીશ્રી સંજય મોદીએ જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં યોજાનાર દશમા વિશ્વ યોગ દિવસનીઉજવણીની માહિતી આપતાં જિલ્લાના ઇ.ચા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીએઉમેર્યું હતું કે, દશમા વિશ્વ યોગદિવસની ઉજવણી' સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ ઉપર ઉજવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં વિશ્વ યોગ દિવસે જિલ્લાના નાગરિકો સ્વયં રીતે સહભાગી બને અને યોગ નિયમિત રીતે જીવન શૈલીમાં સમાવેશ કરવાથી શું ફાયદા થાય તેની જાગૃત્તિ આપવા માટે સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સાથે કર્મયોગીઓ સહભાગી બન્યા છે. જિલ્લા કલેકટર શ્રીએવધુમાં ઉમેર્યું હતું કે, આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત ૧૩ આઈકોનિક સ્થળ નક્કી કરવામાં આવ્યાછે. જેમાંઅડાલજની વાવ, ત્રિમંદિર, મહાત્મા મંદિર, ડભોડિયા હનુમાન મંદિર, કુંથારપુર વડ, સાંપાનીવાવ, મહુડી જૈનમંદિર, અંબાપુરનીવાવ, રૂપાલ વરદાયિની માતાનુ મંદિર, ઈફકો કલોલ, ગલુદણની વાડી, માણસા કોલેજ અને સ્વામિનારાયણ ગુરૂકુલ, કલોલ નો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શહેરી અને ગ્રામ્ય એમવિસ્તારમાં અલગઅલગ થશે. જેમાં શહેરી કક્ષાનો કાર્યક્રમ સ્વર્ણિમ વિસ્ટા પાર્ક અને ગ્રામ્ય કક્ષાનો સ્વામિનારાયણ ગુરૂકુલ, કલોલ ખાતે યોજાશે. આમ જિલ્લામાંકુલ- ૧૪૬૨ સ્થળો ખાતે યોગકાર્યક્રમ યોજાશે. જેમાં અંદાજે ૨ લાખ ૬૦ હજાર જેટલા નાગરિકો સહભાગી બનશે. આ કાર્યક્રમ જિલ્લાની તમામ શાળાઓ, પી.એચ.સી. સી.એચ.સી. સહિત નક્કી થયેલ જગ્યાઓ પર યોજવાનું સુચારુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાના કક્ષાના શહેરમાં આયોજિત યોગ કાર્યક્રમમાં અંદાજિત ૫ હજાર જેટલા અને ગ્રામ્ય કક્ષાએ અંદાજે ૩ હજારથી વધુલોકો સહભાગીબનશે. દશમા વિશ્વ યોગ દિવસમાં ગાંધીનગર જિલ્લાના નાગરિકોને સહભાગી થવા માટે પણ જિલ્લાકલેકટર શ્રી સંજય મોદીદ્વારા અપીલ કરવામાં આવી છે.

શ્રી હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરમાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,ઈકબાલ મેમણ

હિંમતનગર શહેરના શ્રેષ્ઠી, કેળવણી મંડળના સભ્ય અને દાનવીર શ્રી ગોપાલસિંહ રાઠોડ ના સ્વ. સાયર કુંવર નારાયણસિંહ રાઠોડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શાળાના આશરે ૧૫૦૦ કરતાં પણ વધારે બાળકોને સારી ક્વૉલિટીના ફુલ સ્કેપ (ચોપડા) નું વિતરણ કરવામાં આવ્યું.

દરેક બાળકને ૪ ચોપડા આપવામાં આવ્યા. તેનાથી બાળકોનાચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. કેળવણી મંડળના મંત્રી શ્રી જીતુભાઈ પટેલ એવોર્ડ વિજેતા પ્રકાશભાઈ વૈદ્ય ખાસ હાજર રહ્યા.આચાર્યશ્રીએ શાળાને સરસ્વતી ની મૂર્તિ ભેટ તરીકે આપી. તમામ ચોપડાનું વિતરણ શાળાના શિક્ષક મિત્રોએ સાથે મળીને કર્યું. શ્રીગોપાલસિંહ રાઠોડ શિક્ષણ માટે હંમેશા દરેક પ્રકારની મદદમાં તૈયાર રહે છે. તે બદલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ અને શાળા પરિવાર વતીથી તેમનો આભાર...

હિંમતનગર મેડીકલ કોલેજખાતે વિશ્વ રકતદાન દિવસ નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો

ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ સંલગ્ન સીવિલ હોસ્પિટલના બ્લડ બેંક દ્વારા વિશ્વ રક્તદાન દિવસ નિમિતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયુ હતું. જેમાંમેડિકલ સ્ટાફદ્વારા રક્ત દાન કરી ૧૪ બોટલ બ્લડ એકત્રિત કરાયું હતું. ૧૪ જૂન એટલે વિશ્વ રક્તદાન દિવસ. દુનિયાભરના સ્વૈચ્છિક રક્તદાતાઓપ્રત્યે આભાર વ્યક્ત કરવા માટેઉજવવામાં આવે છે. વિશ્વ રક્તદાન દિવસ ઉજવવાનો એક મહત્વનો હેતુ, રક્તાધાન (હ્વઙ્ઘ ક્રિહજકેજૈહ) માટે સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા

ચાલુ રાખવાનોછે. દર વર્ષે ઉજવાતા વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી માટેવિવિધ જગ્યાઓપર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેછે. જેથી રક્તદાનનુ મહત્તવધે અને લોકો રક્તદાન માટે પ્રેરીતથાય. રક્તનો કોઈ વિકલ્પ નથી. એક વ્યક્તિનુ રક્ત દાન અનેક લોકોને જીવન પ્રદાન કરે છે. આબ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ બેંક વિભાગના ડો. સંજય ચૌહાણ સહિત મેડિકલ સ્ટાફ દ્વારા રક્તદાનકરાયું હતું.

ઢસા મુકામે સ્વામીશ્રી નિર્દોષાનંદજી પુષ્પવાટિકા એવં પક્ષીમંદિરનો લોકાર્પણ સમારોહતથા રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાંઆવ્યું.

કમલમ્ ન્યુઝ,

સકલ જીવ પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છનારા પરોપકારી મહાપુરુષોએ પોતાનાં જીવનકાળમાં સમાજનાંઉત્કર્ષમાટે અથાગ પ્રયત્નો કર્યાછે તેઓની કૃપાશક્તિ વડે તેઓનાં જીવનકાળ પછીપણ આજગતમાં લોકહિતનાં કાર્યો થયા કરતાહોયછે સેવા ધર્મો પરમો ધર્મ મંત્રને સ્વજીવનમાં ચરિતાર્થકરનારાઅને પરોપકારનાં પ્રખર હિમાયતી તથા માનવસેવા હોસ્પિટલ ટીંબી નાં પ્રણેતા એવા પૂજયપાદ સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત સનાતન ધર્મનાં ધ્વજ સમાન આશ્રમોમાંનોએક આશ્રમ ઢસા મુકામે આવેલોછે જે આધ્યાત્મિક ભૂખવાળા જિજ્ઞાસુજનોને અનોખીતૃપ્તિ અને આત્મશાંતિ પ્રદાન કરી રહ્યોછે આશ્રમમાં પૂજય સ્વામીજી દ્વારા સ્થાપિત જગદીશ્વર મહાદેવ શિવાલય હજારો શિવભક્તો ની આસ્થાનું કેન્દ્ર બનીને લોકોની કામનાઓ પૂર્ણ કરી રહ્યુંછે અહીં પ્રતિદિન ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ શિવદર્શન અને પૂજનનો લાભ લઈ રહ્યાછે ઢસાગામની શોભામાં અભિવૃદ્ધિ કરી રહેલા આ આશ્રમમાં

પૂજયશ્રીનાં કૃપાપાત્ર સદશિષ્ય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજની પ્રેરણાથી અને ઢસાગામ સમસ્તનાં સહિયારા સાથઅને સહકારથીસુંદર મજાની એક પુષ્પવાટિકા અને પક્ષીઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે ત્યારે આગામી તા.૧૮-૦૬-૨૦૨૪, મંગળવારનાં રોજ ભીમ અગિયારસનાં પાવન દિને પૂજ્ય સ્વામી શ્રી ભોલાનંદજીનાં વરદહસ્તે તેમનાં લોકાર્પણ સમારોહનું તથાટીંબી હોસ્પિટલનાં લાભાર્થે રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુંછે આ મહોત્સવની પાવન પ્રભાતમાં સવારે ૮.૦૦ કલાકે રક્તદાન શિબિરનો શુભારંભ થશે. ત્યારબાદ ૯.૦૦ કલાકે પુષ્પવાટિકા અને પક્ષીમંદિરનું મંગલઉદ્‌ઘાટન થશે. ત્યારબાદ આ પ્રસંગે આયોજિત ધર્મસભા અંતર્ગત પૂજય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ માનવસેવા, જીવદયા અને ગુરુભક્તિમય દિવ્ય પ્રવચન આપશે. ત્યાર પછી આ સત્કાર્યમાં સહયોગ પ્રદાન કરનાર વિરલ દાતાશ્રીઓનાં સન્માન થશે અને મહાનુભાવો પ્રાસંગિક વક્તવ્યો પણ આપશે. ધર્મસભાનાંસમાપન બાદ સર્વ ધર્મપ્રેમીજનો સાથે મળીને સમૂહ ફલાહાર મહાપ્રસાદ ગ્રહણ કરશે. આજીવસેવામય, પરોપકાર અને માનવસેવા તથા ભક્તિમય મહોત્સવમાં પધારવા સર્વ જનતા-જનાર્દનને હાર્દિક - હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેમજ આ પ્રસંગે આયોજિત રક્તદાન કેમ્પમાં રક્તદાન કરવા માટે તંદુરસ્ત યુવા ભાઈઓ-બહેનોને પધારવા સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ મંડળ ઢસાગામ સમસ્તસહૃદય અનુરોધ કરેછે આ સમગ્રમહોત્સવનું જીવંત પ્રસારણ આશ્રમનીયુ-ટ્યુબ ચેનલ - ગુરુ સાનિધ્ય (guru sannidhya) પર પ્રસારિત કરવામાંઆવશે તેમઆશ્રમ સેવક અમીતગીરી ગોસ્વામી ની યાદી જણાવેલ.

માતુશ્રી જોઈતીબા ચૌધરી મહિલા કોલેજ કેમ્પસમાં સારસ્વત સન્માન કાર્યક્રમ યોજાયો.

કમલમ્ ન્યુઝ,

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર, શ્રી મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશન મહેસાણા, ગ્રામભારતી સંસ્થા અમરાપુર અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે આજના સમયના યુગમૂર્તિ અને સાહિત્યનો સર્વોચ્ચ એવા જ્ઞાનપીઠ એવોર્ડ પુરસ્કાર સાહિત્યકાર ડૉ. રઘુવીરભાઈ ચૌધરીને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'સન્માન પ્રાપ્ત થયું છે એ ગૌરવપૂર્ણ ઘટનાને પોંખવાનો કાર્યક્રમ પરમ પૂજ્ય મોરારીબાપુના સાનિધ્યમાં માતુશ્રી જોઈતીબા ચૌધરી મહિલા કોલેજ કેમ્પસમાં યોજાયોહતો. કાર્યક્રમની શરૂઆત શ્રીપી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારાપ્રાર્થનાથી કરવામાંઆવીહતી. પ્રાર્થનાબાદ મુખ્ય યજમાન સંસ્થા શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખશ્રી હરિભાઈ વી. ચૌધરીએમહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ચારેય સંસ્થાના પ્રતિનિધિઓ શ્રી હરિભાઈ વી. ચૌધરી, શ્રી માલાજીભાઈ દેસાઈ, શ્રી રમેશભાઈ ઠક્કર અને શ્રી માધવ રામાનુજ દ્વારા પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. શ્રી અખિલ આજણા કેળવણી મંડળ ગાંધીનગર દ્વારા પદ્મશ્રી ડૉ. રઘુવીરભાઈ ચૌધરીની પુસ્તક તુલા કરવામાં આવી હતી. વિવિધ

સંસ્થાઓ દ્વારા મહાનુભાવોનું શાલ અને પુષ્પગુચ્છ તેમજ પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. સાહિત્ય સંસ્કૃત સમાજના વારસારૂપપદ્મશ્રીડૉ. રઘુવીરભાઈ ચૌધરીનો પરિચય કવિશ્રી માધવ રામાનુજે આપ્યો હતો. ત્યારબાદ સન્માનપત્રનું વાંચન અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી રણછોડભાઈ ચૌધરીએકર્યું હતુંઅને સન્માનપત્ર પરમ પૂજ્ય સંતશ્રી મોરારીબાપુના પાવન હસ્તે તેમજ મહેમાનશ્રીઓનાં હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું. સમાજ, શિક્ષણ, સાહિત્ય અને સંતઆચાર સ્તંભનેઆધાર આપતા પદ્મશ્રી ડૉ. રઘુવીરભાઈ ચૌધરીએ લખેલા ૧૫૦ થી વધુ પુસ્તકોથી જ તોલવામાં આવ્યાંહતા. સાહિત્યની આ વિરાટ પ્રતિભાને યજમાન સંસ્થાના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરીએ પોતાના સ્વખર્ચે ૧૦૦ શૈક્ષણિક સંસ્થાને ૧૦૦ પુસ્તકની કીટ અર્પણ કરવામાં આવી હતી. શ્રી હરિભાઈ વી. ચૌધરી દ્વારા આ જ્ઞાનદાનની પાવન સરવાણીમાં પદ્મશ્રી ડૉ. રઘુવીરભાઈ ચૌધરીએ જ્યાં અભ્યાસ કરેલ તે આર. બી. એલ.ડી સ્કૂલ, માણસા તેમજ બાપુપુરાસ્કૂલને એક લાખ અગિયાર હજારનોચેક લાઈબ્રેરી માટે અર્પણ કરવામાં આવ્યો હતો. આવી ૧૧ સ્કૂલોને આ રકમનું દાન શેઠ શ્રી હરિભાઈ વી. ચૌધરીએ આપેલ છે. તેમાં બીજી ૧૫ સ્કૂલોને પણ આ લાઈબ્રેરીઓ માટે આપવાની જાહેરાતકરીહતી. કાર્યક્રમના અંતે જેમણે માનસથી લોકમાનસ સુધીની યાત્રા કરેલ છે તેવા પરમ પૂજ્ય મોરારીબાપુએ આવા સમર્થ સારસ્વતના સન્માનમાં ઉપસ્થિતિને પોતાની તકદીર ગણાવીને પદ્મશ્રી ડૉ. રઘુવીરભાઈ ચૌધરીને સાહિત્યના સંત કહ્યા હતા અને જેમણે સમાજને ગ્રંથિઓથી મુક્ત કર્યા છે એવા તેમનાજ ગ્રંથોથી તેમની તુલા કરીને તે પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યો હતો. સંસ્થાઓએ યોગ્ય, ભોગ્ય અને છાન્દોગ્ય વ્યક્તિનું સન્માન કર્યુ તે બદલ અભિનંદન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સંજયભાઈ પટેલે કર્યું હતું. આભાર દર્શન ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી રમેશભાઈ ઠક્કરે કર્યુ હતુ. આપ્રસંગે શ્રીઅખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના તમામ હોદ્દેદારશ્રીઓ તેમજ તમામ સંસ્થાઓના સારસ્વતમિત્રો, કર્મચારીઓ, સાહિત્યકારો, ગાંધીનગરની વિવિધ સંસ્થાઓના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એરફોર્સ એકેડેમી ખાતે સંયુકત ગ્રેજ્યુએશન પરેડ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

ભારતીય વાયુસેનાની ફ્લાઈંગ અને ગ્રાઉન્ડ ડ્યુટી શાખાઓના ૨૩૫ ફ્લાઈટ કેડેટ્સની તાલીમના સફળ સમાપનને ચિહ્નિતકરવા માટે ૧૫ જૂન ૨૦૨૪ના રોજ એરફોર્સ એકેડેમી (AFA), ડુંદીગલ ખાતે કમ્બાઈન્ડ ગ્રેજ્યુએશન પરેડ (CGP)નું આયોજન કરવામાં આવ્યું હતું. એર ચીફ માર્શલ વી.આર. ચૌધરીએ, એર સ્ટાફના ચીફ (સીએએસ), સમીક્ષા અધિકારીએ, સ્નાતક થયેલા ફ્લાઈટ કેડેટ્સને તેમની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા પર રાષ્ટ્રપતિઓનું કમિશન એનાયત કર્યુ. સ્નાતક અધિકારીઓમાં ૨૨ મહિલા અધિકારીઓનો સમાવેશ થાય છે જેમણે ભારતીય વાયુસેનાની વિવિધ શાખાઓમાં કમિશન મેળવ્યું હતું. આ સમારોહમાં ભારતીય વાયુસેના અને સહયોગી સેવાઓના અનેક મહાનુભાવો તેમજ સ્નાતક અધિકારીઓનાપરિવારના સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે, ભારતીય નૌકાદળના ૯ અધિકારીઓ, ભારતીય કોસ્ટ ગાર્ડના ૯ અધિકારીઓ અને મિત્ર વિદેશી દેશોના ૧ અધિકારીઓને પણ ઉડ્ડયન તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ 'વિંગ્સ'થી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રથમ સીજીપી પણ છે જ્યાં ગ્રાઉન્ડ ડ્યુટી શાખાઓ માટે ૪ વર્ષ પહેલા નેશનલ ડિફેન્સ એકેડમીમાં જોડાનારા ૨૫ કેડેટ્સને ઓફિસર તરીકે કમિશન કરવામાં આવ્યા હતા. આમાંથી ૫ અધિકારીઓને વહીવટી શાખામાં, ૩ને લોજિસ્ટિક્સ શાખામાંઅને ૧૭ને IAFની ટેકનિકલ શાખામાં નિયુક્ત કરવામાં આવ્યા છે. વાયુસેનાધ્યક્ષનું સ્વાગત એર માર્શલ નાગેશ કપૂર, એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, ટ્રેનિંગ કમાન્ડ અને એર માર્શલ એસ શ્રીનિવાસ, કમાન્ડન્ટ એએફએ દ્વારા કરવામાં આવ્યું હતું. આરઓને પરેડ કમાન્ડર દ્વારા જનરલ સલામી આપવામાં આવી હતી. આ પછી પ્રભાવશાળી માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. સ્નાતકની પરેડ ચાર ટ્રેનર એરક્રાફ્ટ દ્વારા સારી રીતે સંકલિત અને સિંક્રનાઈઝ્ડ ફ્લાય-પાસ્ટ કરવામાં આવી, જેમાં પિલાટસ પીસી-૭ એમકે-૧૧, હૉક, કિરણ અને ચેતક હેલિકોપ્ટર સામેલ હતા. પરેડની વિશેષતા એ 'કમિશનિંગ સેરેમની' હતી જેમાં સ્નાતક થયેલા ફ્લાઈટ કેડેટ્સને સમીક્ષાઅધિકારી દ્વારા તેમના 'રેંક અને વિંગ્સ'થીસન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ સ્નાતક અધિકારીઓને અકાદમીના કમાન્ડન્ટ દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ દેશની સુરક્ષા, સલામતી, સાર્વભૌમત્વ અને સન્માનની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સમીક્ષા અધિકારીએ તાલીમના વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સ્નાતક અધિકારીઓને વિવિધ પુરસ્કારો એનાયત કર્યા હતા. ફ્લાઈંગ બ્રાન્ચના ફ્લાઈંગ ઓફિસર હેપ્પી સિંહને પાયલોટ કોર્સમાં મેરીટના એકંદર ક્રમમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ રાષ્ટ્રપતિની તકતી અને ચીફ ઓફ ધ એર સ્ટાફ સ્વોર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ફ્લાઈંગ ઓફિસર તૌફીક રઝાને ગ્રાઉન્ડ ડ્યુટી ઓફિસર્સ કોર્સમાં મેરીટના એકંદર ક્રમમાં પ્રથમ રહેવા બદલ રાષ્ટ્રપતિની તકતી એનાયત કરવામાં આવી હતી. પરેડને સંબોધતા, વાયુસેનાના પ્રમુખે નવા કમિશન્ડ થયેલા અધિકારીઓને તેમના શાનદાર પ્રદર્શન, સટીક ડ્રિલ મુવમેન્ટ અને પરેડના ઉચ્ચ ધોરણોની પ્રશંસા કરી. તેમણે પાસ આઉટ થયેલા અધિકારીઓને તેમની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા અને વાયુસેનામાં રાષ્ટ્રપતિનું કમિશન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે ભારતીય નૌકાદળ, ભારતીય કોસ્ટ ગાર્ડ અને મૈત્રીપૂર્ણ વિદેશી દેશોના અધિકારીઓને પણ અભિનંદન આપ્યા જેમણે આજે તેમની 'ફ્લાઈંગ વિંગ્સ' મેળવી છે. વર્ષ ૨૦૨૪ને 'અપસ્કિલિંગ દ્વારા પરિવર્તન'ના વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું અને તે મુજબ જ, તેમણે તમામ નવા કમિશન્ડ અધિકારીઓને 'મલ્ટી-ડોમેન લીડર' બનવા માટે વિવિધ કૌશલ્યો શીખવા વિનંતી કરી હતી. તેમણે ભાર આપીને કહ્યું, "કાલના સંઘર્ષોને ગઈકાલની માનસિકતા સાથે લડી શકાતી નથી.

નવા ધોરણોના આર્કિટેક્ટ્સ હંમેશા જૂનાના અનુયાયીઓને ભારે પડશે." આધુનિક યુદ્ધ અંગે વાત કરતા કહ્યું, સીએએસએ પાસ આઉટ થયેલા કેડેટ્સને યાદ અપાવ્યું કે આધુનિક યુદ્ધ ગતિશીલ અને હંમેશા વિકસિત છે, અને જટિલ ડેટા નેટવર્ક્સ અને અદ્યતન સાયબર તકનીકો દ્વારા વધુને વધુ પ્રભાવિત છે. તેમણે કહ્યું, "નેતા તરીકે, તમારે બધાએ યુદ્ધો જીતવામાં નિર્ણાયક સાબિત કરવા માટે અસરકારક રીતે ટેક્નોલોજી અપનાવવાની, નવીનતા લાવવાની અને લાભ લેવાની જરૂર છે." ભારતીય વાયુસેનાના મુળ મૂલ્યો; મિશન, અખંડિતતા અને શ્રેષ્ઠતા વિશે વાત કરતા વાયુસેનાના પ્રમુખે ભારપૂર્વક જણાવ્યુ હતું કે મિશન સિદ્ધિ અત્યંત મહત્વની છે, અને સંસ્થાની દિશા, કાર્યક્ષમતા અને એકંદર સફળતા જાળવવા માટે મહત્વપૂર્ણ છે. પ્રામાણિકતા પર તેમણે બહાર જણાવ્યું કે કેવી રીતે નૈતિક પસંદગીઓ કરવી, આચરણના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખવા અને ઉદાહરણ દ્વારા આગેવાની લેવાથી ટીમના સભ્યો સાથે વિશ્વાસ અને વફાદારીને પ્રેરિત કરશે. તેમણે તેમને સાતત્ય, શિસ્ત, હકારાત્મક વલણ અને હાથમાં રહેલા દરેક કાર્ય માટે જુસ્સા દ્વારા શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવાનો પણ આગ્રહ કર્યો. ભારતીય વાયુસેનના વિઝન સ્ટેટમેન્ટ 'પીપલ ફર્સ્ટ, મિશન ઓલવેઝ' પર બોલતા, સીએએસએ નવા કમિશ્ડ અધિકારીઓને વ્યાવસાયિક યોગ્યતા, શારીરિક અને નૈતિક હિંમત, ચારિત્ર્ય અને સહાનુભૂતિ દ્વારા તેમના ગૌણ અધિકારીઓનું સન્માન મેળવવા વિનંતી કરી. તેમણે કહ્યું કે, સમગ્ર સેવામાં વિકસિત આ એકતા અને ટીમ વર્ક બળ ગુણક સાબિત થશે. પોતાનું ભાષણના સમાપન પહેલા વાયુસેના પ્રમુખે નવા નિયુક્ત અધિકારીઓને તેમના ભવિષ્યના પ્રયાસો માટે સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી. પરેડના સમાપન બે સ્તંભોમાં નવ નિયુક્ત અધિકારીઓ દ્વારા રવીન્દ્રનાથ ટાગોરના 'આનંદલોક'ની પરંપરાગત સ્વરો પર ધીમી ગતિએ માર્ચ કરવાની સાથે થયું, જ્યારે તેમના તાત્કાલિક જુનિયર્સ તરફથી તેમની પ્રથમ સલામી પ્રાપ્ત થઈ. જે-૩૦ MKI દ્વારા એક રોમાંચક એરોબેટિક શો, સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ દ્વારા સિંક્રનસ એરોબેટિક્સ અને 'સૂર્ય કિરણ એરોબેટિક ટીમ (SKAT)' સીજીપીના ભવ્ય સમાપનનો ભાગ બન્યાં હતા.

કમલમ્ ન્યુઝ,

કરમસદ સ્થિત ભીખાભાઈ ઓડિટોરિયમ ખાતે ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા સાંસદશ્રી મિતેષભાઈ પટેલને સાંસદ તરીકે દ્વિતીય વાર વિજય બનવા બદલ સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ચેરમેન શ્રી અતુલભાઈ પટેલ, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીશ્રી સુનિલભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આર્ટ્સ કોલેજ મોડાસાના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટેનો સંદેશો આપી લોકોને જાગૃત કરવાનો અથાગ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

કમલમ્ ન્યુઝ,

આર્ટ્સ કોલેજ મોડાસામાં રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા મોડાસા શહેરમાં પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ ના દ્વ જીજીના સ્વયંસેવક પ્રજાપતિ આકાશ (વૃક્ષ બનેલ વ્યક્તિ) અને પટેલ તેજસએ (સ્વાર્થીમાણસ) જણાવ્યું હતું કે હાલ ચોમાસું આવીગયું છે, જેથી કરી લોકો વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરે તો આવનાર સમયમાં પર્યાવરણ જે દૂષિત થતુ જઈ રહ્યુંછે, તેને અટકાવી શકાય. કાર્યક્રમમાં પ્રસિદ્ધ સોલંકી, કરણ રાવલ, બ્રિજેશ વણકર, જયેશ ઝાલા અને ગાયત્રીબરંડાએ સરાહનીય સેવા બજાવી હતી. એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા સરાહનીય કામ કરવા બદલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.દીપક એચ. જોષી, મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, પ્રભારી મંત્રી મહેન્દ્રભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર એમ.બી.દેશમુખ અને ડૉ. ભાવનાબેન સાવલીયાએ કર્યુ હતું.

વડોદરા જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલ સમર કેમ્પ-૨૦૨૪ની પૂર્ણાહુતિ

શિનોરના મોટા ફોફળિયામા ૭ શાળાઓના બાળકોને અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે જ્ઞાન સાથે ગમ્મત પિરસાયું

છ દિવસીય સમર કેમ્પમાં શહેરના ૩૫૦ બાળકોને જ્ઞાન સાથે મેળવી જવાબદાર નાગરિક બનવાની તાલીમ



કમલમ્ ન્યુઝ,

વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ તા. ૦૬/૦૬/૨૦૨૪ થી તા. ૧૨/૦૬/૨૦૨૩ સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં એસ.પી.સી. કેડેટના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ ભાગ લીધો હતો. શિનોરના મોટા ફોફળીયા આવેલી સી.એ. પટેલમાં આ સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો. એસ.પી.સી. ના જિલ્લા નોડલ અધિકારી સુશ્રી સી. એન. ચૌધરીની આગેવાની હેઠળ વડોદરા ગ્રામ્ય સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા 'સમર કેમ્પ-૨૦૨૪' યોજવામાં આવ્યો હતો. એસ.પી.સી. અભ્યાસક્રમ તેમજ સમર કેમ્પના સમય પત્રક મુજબ આયોજીત આ કેમ્પમાં કુલ ૭ શાળાના જુનિયર કેડેટ અને સિનિયર કેડેટના ૩૫૦ જેટલા બાળકોને પોલીસ વિભાગની સમાજ પ્રત્યેની જવાબદારીથી માહિતગાર કરવામાં આવ્ય હતા. અનેકવિધ પ્રવૃત્તિઓ થકી જ્ઞાન, શિસ્ત અને આરોગ્ય લક્ષી પ્રાથમિક સમજના પિરસણ સાથે બાળકોને જવાબદાર નાગરિક બનવાની તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ કેમ્પમાં શિસ્ત સર્વોપરીની ભાવના કેળવવા સહિત બાળકોને પર્યાવરણનું જતન અને તેનું મહત્વ, ટ્રાફિક અંગે જાગતતા, સ્વચ્છતા અને આરોગ્ય લક્ષી પ્રાથમિક સમજ, નેતૃત્વના ગુણો વિકસાવવા સહિત પોલીસ વિભાગની સમાજ પ્રત્યેની જવાબદારીઓથી માહિતીગાર કરવામાં આવ્યા હતા. પોલીસ વિભાગની જવાબદારી અને કામગીરી મહેસુસ કરાવવા બાળકોને ખાખી (વર્દી) યુનિફોર્મમાં જ કસરત તથા પરેડ કરાવવામાં આવી હતી. તદુપરાંત અનેક વિવિધ જન-જાગૃતિ વ્યાખ્યાનોથી બાળકોમાં કાયદો, સુરક્ષા, ગુડ અને બેડ ટચની સમજ, રંગોળી, નૃત્ય, ઝુમ્બા ડાન્સ, ડિઝાસ્ટરની તાલીમ, સ્નેક શો, જાદુગર, વિશિષ્ટ વ્યક્તિનું ઉદબોધનમાં નાયબ પોલીસ અધિકારી શ્રી હરેશ ચંદુ સાહેબ સાથે વિવિધ પ્રકારની રમતો, ગામની મુલાકાત જેમાં ગ્રામ પંચાયત, સરકારી દવાખાનું, પોસ્ટ ઓફિસ, પોલીસ સ્ટેશન, તળાવ, નદી, વગેરેની સમજ સાથે કામગીરીની સમજ પણ આપવામાં આવે છે. એસ.પી.સી કેડેટ લોકો પ્રત્યે સન્માનની ભાવના કેળવવા, બાળક સકારાત્મક અને ઉર્જાવાન બને તથા ભવિષ્યનો સારો નાગરીક બનીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓ સુપેરે નિભાવી શકે તેવા હેતુથી સમગ્ર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. સમર કેમ્પ ઈન્ચાર્જ શ્રી એ.જે.પટેલ, શિનોર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ, સુરક્ષા સેવા સોસાયટી વડોદરા ગ્રામ્યના પ્રોજેકટ કન્સલટન્ટ જીગર પંચાલ અને નિતેશ પંડ્યા,અને ધો.૮ અને ધો.૯ ના અંદાજિત ૩૫૦ બાળકો આ કેમ્પમાં સહભાગી બન્યા હતા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ રકતદાન દિવસની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

સિવિલ હોસ્પિટલમાં વર્લ્ડ બ્લડ ડોનેશન દિવસની સેવાભાવ સાથે ઉજવણી કરાઈ હતી. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીની અધ્યક્ષતામાં સિવિલ હોસ્પિટલ ખાતે આ ઉજવણી કરાઈ. જેમાં સિવિલ હોસ્પિટલના જુનિયર ડૉક્ટર્સ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતુ. જેમાં અગ્ર સચિવ સહિતના મહાનુભાવોએ રક્ત દાન કર્યુ હતુ. જેમાં કુલ ૨૦૬ યુનિટ બ્લડ કલેક્ટ કરાયુ હતું.

તદ્ઉપરાંત આ કાર્યક્રમમાં બ્લડ ડોનેશન સાથે સંકળાયેલી અમદાવાદ શહેરની ૧૦ સંસ્થાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતુ. વર્લ્ડ બ્લડ ડોનેશન દિવસની ઉજવણીને વધુ સાર્થક કરવા ઈન્ટાસ કંપની દ્વારા દર્દીઓના હિતાર્થે રૂ.૮૦ લાખના ખર્ચે ચાર કોટ વાળી બ્લડ કલેકશન વાન અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા રૂ.૨૮ લાખના કિંમતની બ્લડ ટ્રાન્સપોર્ટ વાન સિવિલ હોસ્પિટલમાં દાન કરવામાં આવીહતી. આ બ્લડ કલેકશન વાનમાં એક સાથે ચાર વ્યક્તિઓ બ્લડ ડોનેટ કરી શકશે. તેમજ બ્લડ ટ્રાન્સપોર્ટ વાન શહેરમાં વિવિધ સ્થળોએ ફરીને બ્લડ કલેકટ કરવામાં મદદરૂપ બનશે. આ સમગ્ર કાર્યક્રમમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી, સરકારી સ્પાઈન ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટર ડૉ પિયુષ મિત્તલ, યુ.એન. મહેતા હોસ્પિટલના ડાયરેકટર ડૉ. ચિરાગ દોશી, કિડની ઈન્સ્ટીટયુટના ડાયરેકટર ડૉ. પ્રાંજલ મોદી, સિવિલ હોસ્પિટલ ના એડિશનલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રજનીશ પટેલ સહિત મોટી સંખ્યામાં તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

ઓનલાઈન થતા ફ્રોડથી પ્રજાજનોને અવગત કરવા જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાના અધ્યક્ષ સ્થાને 'પ્રેસ મિટ' યોજાઈ

ઓનલાઇન ફ્રોડ થાય તો ૧૯૩૦ પર કોલ કરવો - શ્રી યશપાલ જગાણીયા

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ટેકનોલોજીના આ યુગમાં હજારો લોકો સાઈબર ફ્રોડનો શિકાર થતા હોય છે. જેનાથી પૈસા પરત મળવાની સંભાવનાઓ ઓછી થઈ જતી હોય છે. ત્યારે પ્રજાજનોને ઓનલાઈન ફ્રોડનો શિકાર થતાં અટકાવવા, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના અધ્યક્ષ સ્થાને 'પ્રેસ મિટ' યોજાઈ હતી. જેમાં જિલ્લા પોલીસ વડાએ ઓનલાઈન ફ્રોડ થાય તો ૧૯૩૦ પર તુરંત કોલ કરવા જણાવ્યું છે. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ 'પ્રેસ મિટ'માં જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતુ કે, આજના ટેક્નોલોજીના યુગમાં ખુબ જ બહોળા પ્રમાણમાં ઓનલાઈ ફ્રોડ થતા હોય છે. લોકો ઓનલાઈન બેંક્રિગ, ઓનલાઈન શોપિંગ તેમજ ઓનલાઈન ટ્રાંજેક્શનનો ઉપયોગ કરતાં હોય છે. ત્યારે લોકો સાથે સાઈબર ફ્રોડ થતાં હોય છે. જે અંગેની ફરિયાદ ૧૯૩૦ હેલ્પલાઈન નંબર પર કોલ કરીને જણાવી શકાય છે. સમગ્ર ગુજરાતમાં છેલ્લા છ મહિના દરમિયાન ૫૦ હજારથી વધુ અલગ અલગ ઓનલાઈન ફ્રોડ થયાની ફરિયાદો ૧૯૩૦ હેલ્પલાઈન નંબર પર નોંધાઈ છે. જેમાં ૧૧૦ કરોડથી વધુની રકમ ફ્રિઝ કરવામાં આવી છે. જે કોર્ટ હુકમ બાદ લોકોને પરત કરવામાં આવશે. ડાંગ જિલ્લામાં પણ છેલ્લા છ મહિના દરમિયાન ૨૦૦થી વધુ અલગઅલગ ઓનલાઈન ફ્રોડ થયા અંગેની ફરિયાદો નોંધાઈ છે. જે કોર્ટની પ્રક્રિયા બાદ અરજદારોને રકમ પરત કરવામાં આવશે. ઓનલાઈન ફ્રોડ અલગઅલગ રીતે થાય છે. જેમાં આઈડેન્ટીટી ફ્રોડ, ક્રેડિટ-ડેબીટ કાર્ટ ફ્રોડ, ઓનલાઈન શોપિંગ ફ્રોડ, જુદી જુદી કંપનીઓ દ્વારા લોન આપવા અંગે ફ્રોડ, રેલવે-બસ-હોટેલ ટિકિટ બુંકિંગ, બેંક્રિગ ફ્રોડ, સોશિયલ મીડિયા ફ્રોડ, ફેક એકાઉન્ટના નામે ફ્રોડ, ઓનલાઈન વિડીયો કોલિંગ ફ્રોડ, કેવાયસી ફ્રોડ, જેવા અલગ અલગ પ્રકારના ફ્રોડ થાય છે. આ પ્રકારના ફ્રોડ થાય તો તુરંત ૧૯૩૦ પર કોલ કરવા, તેમજ અજાણી લિંક પર ક્લિક કરવું નહિં તેમ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાએ જણાવ્યું હતુ.

ચૂંટણી ફરજ દરમિયાન માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા હોમગાર્ડ જવાનને શ્રદ્ધાસુમન પાઠવતા જિલ્લા કલેકટરશ્રી અનિલ ધામેલિયા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ

સ્વ. શ્રી ગુલાબભાઈ રાઠવાના પત્નીને રૂ. ૧૫ લાખનો ચેક અર્પણ કરાયો

સહાયની રકમનો બાળકોના અભ્યાસમાં જ ઉપયોગ કરવા જિલ્લા કલેક્ટરશ્રીનો અનુરોધ

કમલમ્ ન્યુઝ,છોટાઉદેપુર

લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ માં છોટાઉદેપુરના લીંબાણી ગામના શ્રી ગુલાબભાઈ રાઠવા હોમગાર્ડ તરીકે ચૂંટણી ફરજ પર હતા, જે દરમ્યિાન તેમનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ચૂંટણી પંચના નિયમોનુસાર ચૂંટણી ફરજ દરમિયાન કોઈ કર્મી મૃત્યુ પામે તો તેના પરિવારને સહાય ચુકવવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રી અનિલ ધામેલિયાએ સંવેદનશીલતા સાથે તુરંત જે ઘટતી કાર્યવાહી કરાવીને સ્વ.શ્રી ગુલાબભાઈ રાઠવાની સહાય મંજુર કરાવી હતી. જિલ્લા કલેકટરશ્રી અનિલ ધામેલિયા અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ સ્વ.શ્રી ગુલાબભાઈ રાઠવાના ઘરની મુલાકાત લઈ તેમના પરિવારને આશ્વાસન આપ્યું હતું, તેમજ સ્વ.શ્રી ગુલાબભાઈ રાઠવાને શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. આ તકે જિલ્લા કલેકટર શ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ સ્વ. શ્રી ગુલાબભાઈ રાઠવાના પત્નીશ્રી મંજુલાબેનને રૂ.૧૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. શ્રી ધામેલિયાએ મંજુલાબેનને સહાયની રકમનો બાળકોના અભ્યાસ માટે જ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આર.બી.ચૌધરી, ચૂંટણી શાખા તથા પોલીસ અધિકારી-કર્મચારીઓ, હોમગાર્ડના જવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

હજીરા ખાતે વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે AMNS કંપનીના CSR ફંડમાંથી ચોર્યાસી તાલુકાના સુવાલી અને હજીરા ગામમાં વિવિધ કામોનું ખાતમુર્હુત-લોકાર્પણ

હજીરા અને આસપાસના વિસ્તારની ૧૦૦ દીકરીઓ-મહિલાઓને ક્રેન ઓપરેટર બનાવવા કંપની દ્વારા અપાઈ રહ્યું છે પ્રશિક્ષણ



કમલમ્ન્યુઝ,મયુર પટેલ

વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ (AMNS) કંપનીના CSR (સામાજિક ઉત્તરદાયિત્વ) ફંડમાંથી ચોર્યાસી તાલુકાના સુવાલી અને હજીરા ગામમાં કરવામાં આવેલા વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરાયું હતું. વન અને પર્યાવરણ મંત્રીમુકેશભાઈ પટેલના હસ્તે સુવાલીગામમાં ૧૨૫ સોલાર સ્ટ્રીટ લાઈટ temj હજીરાગામમાં ક્રિકેટ ગ્રાઉન્ડનું ઉદ્દઘાટન અને કોમ્પ્યુનિટી હોલનાં કામનું ખાતમુર્હુત કરાયુંહતું. આ વેળાએ મંત્રી અને ધારાસભ્યના હસ્તે છસ્દ્ઘજીઈન્ડિયા રૂરલ હજીરા કાંઠા વિસ્તાર ઉડાન ઈન્ટર વિલેજ ક્રિકેટ પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટના વિજેતા ટીમ અને ખેલાડીઓને ઈનામ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર-રાજ્ય સરકારની પ્રોત્સાહક વિકાસનીતિને પરિણામે પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા થતા મોટા રોકાણને કારણે હજીરા વિસ્તારમાં વિકાસને વેગ મળી રહ્યો છે. કંપનીઓના CSR ફંડ થકી આજુબાજુના ગામોમાં રોડ રસ્તા, પીવાના પાણી, આરોગ્ય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે એમ જણાવી AMNS કંપની દ્વારા સુવાલી અને હજીરાગામના લોકોનું જીવનધોરણ સુધારવા માટે થઈ રહેલા વિવિધ વિકાસના કામો બદલ અભિનંદન પાઠવ્યા હતા, અને ગ્રામોત્થાનના ઉમદા હેતુને બિરદાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, AMNS કંપની દ્વારા દિકરીઓ અને મહિલાઓના સામાજિક- આર્થિક વિકાસને પ્રાધાન્ય આપવામા આવી રહ્યું છે.

જેમાં હજીરા અને આસપાસના વિસ્તારની દીકરીઓ-મહિલાઓને ક્રેન ઓપરેટર ટ્રેનિંગ આપી આર્થિક રીતે પગભર કરવામાં આવી રહ્યા છે, ત્યારે ૧૦૦ મહિલાઓને ક્રેન ઓપરેટર બનાવવાની નેમ કંપની દ્વારા લેવામાં આવી છે એ સરહાનિય છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈ, તા.પંચાયત પ્રમુખ તૃપ્તિબેન, તાલુકા સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્યશ્રીઓ, AMNS કંપનીના અધિકારીઓ, વિવિધ ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને આણંદ ખાતે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

જિલ્લામાં જાહેર રસ્તાઓ અને હાઈવે ઉપરની ચોકડી પરના દબાણો તાત્કાલિક દૂર કરવા જિલ્લા કલેકટરશ્રીની સૂચના

કમલમ્ ન્યુઝ,આણંદ

જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને આણંદ સર્કિટ હાઉસ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી અને બોરસદ વિધાનસભાના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી યોગેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ અને ગોવિંદભાઈ પરમાર ઉપસ્થિત રહી લોકોના પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જિલ્લામાં જાહેર માર્ગો, હાઈવે પરના ખુલ્લા દબાણો, પાર્કિંગમાં મુકેલી લારીઓ અને જિલ્લાની હાઈવે ઉપરની ચોકડીઓ ખાતેના દબાણોને વહેલી તકે દૂર કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત કલેક્ટરશ્રીએ વિવિધ સરકારી કચેરીના અધિકારીઓને તેમના આંતરિક પ્રશ્નોનું પરસ્પર સહકારથી નિરાકરણ લાવવા જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ જિલ્લામાં ઉદભવેલા માર્ગોની પહોળાઈ અંગેના, કાંસની સફાઈ અંગેના, જિલ્લામાં વીજ પુરવઠાની કામગીરી અંગેના, ચોમાસા પૂર્વે જોખમી વૃક્ષો દૂર કરવા સહિતના વનવિભાગને લગતા પ્રશ્નો અંગે અને સિંચાઈ વિભાગને લગતા પ્રશ્નો સહિતની બાબતો પર અધિકારીઓને કામ કરવા અંગે સૂચનો આપ્યા હતાં. કલેકટર શ્રી એ શહેરી વિસ્તારમાંથી પસાર થતા કાંસની સફાઈ ચોમાસુ શરૂ થતા પહેલા કરવા જણાવ્યું હતું. ચોમાસાની ઋતુ દરમિયાન એમજીવીસીએલની કચેરીઓ ખાતે જિલ્લામાં ૨૪ કલાક કંટ્રોલ રૂમ કાર્યરત રહે અને વીજ પુરવઠો ખોરવાઈ ન જાય તે જોવા પણ જણાવ્યું હતું. કલેક્ટરશ્રીએ બાકી કામોને સત્વરે પૂર્ણ કરવા અનુરોધ કરવા ઉપરાંત સંસદ સભ્યશ્રી તથા ધારાસભ્યશ્રીઓ સાથે સંકલનમાં રહીને નાગરિકોને લગતા પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિલિંદ બાપના, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટરશ્રી ઋતુરાજ દેસાઈ, નાયબ વન સંરક્ષકશ્રી એન.ડી. ઈટાલીયન, પ્રાંત અધિકારીશ્રીઓ સહિતના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

DRDOએ AIની શકિતનું અનાવરણ કર્યું

મહિલાની આગેવાની હેઠળના સ્ટાર્ટ-અપે ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ હેઠળ, વ્યક્તિગત ઓળખ માટે એક અદ્યતન છૈં ટૂલ, 'દિવ્યા દ્રષ્ટિ' વિકસાવ્યું

કમલમ્ ન્યુઝ,

એક મહિલા ઉદ્યોગસાહસિક ડૉ. શિવાની વર્માએ તેમના દ્વારા સ્થાપિત સ્ટાર્ટ-અપ Ingenious Research Solutions Pvt Ltd બાદ પ્રતિષ્ઠિત ડેર ટુ ડ્રીમ ઈનોવેશન કોન્ટેસ્ટ ૨.૦ જીતી, જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા આયોજિત સમગ્ર ભારતની થીમ-આધારિત હરીફાઈ હતી, જેમાં તેમણે સફળતાપૂર્વક AI ટૂલ "દિવ્ય દૃષ્ટિ" વિકસાવ્યું છે જે અપરિવર્તનશીલ શારીરિક પરિમાણો સાથે ચહેરાની ઓળખને એકીકૃત કરે છે. જેમ કે ગેઈટ અને હાડપિંજર. આ નવીન સોલ્યુશન બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન ટેક્નોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે, જે વ્યક્તિઓને ઓળખવામાં ઉન્નત ચોકસાઈ અને વિશ્વસનીયતા પ્રદાન કરે છે. 'દિવ્ય દૃષ્ટિ' ચહેરાની ઓળખને ગેઈટ વિશ્લેષણ સાથે જોડીને એક મજબૂત અને બહુપક્ષીય પ્રમાણીકરણ સિસ્ટમ બનાવે છે. આ બેવડો અભિગમ ઓળખની ચોકસાઈને વધારે છે, ખોટા હકારાત્મક અથવા ઓળખની છેતરપિંડીનું જોખમ ઘટાડે છે અને સંરક્ષણ, કાયદા અમલીકરણ, કોર્પોરેટ અને જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના વિવિધ ક્ષેત્રોમાં બહુમુખી એપ્લિકેશન ધરાવે છે. AI ટૂલ બેંગ્લોર સ્થિતદ્ધઈર્ઢ્ની લેબોરેટરી સેન્ટર ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ રોબોટિક્સ (CAIR) દ્વારા ટેકનિકલ માર્ગદર્શન અને માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યું છે. ડૉ. સમીર વી કામત, સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ આર એન્ડ ડી અને ચેરમેન ડીઆરડીઓએ આ સિદ્ધિ માટે સ્ટાર્ટઅપ તેમજ ટીમ ડીઆરડીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ (TDF) હેઠળ 'દિવ્ય દૃષ્ટિ'નો વિકાસ એ 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને હાંસલ કરવા માટે સંરક્ષણ અને એરોસ્પેસ ઉદ્યોગમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે DRDO નો સફળ પ્રયાસ છે.

અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં મળી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

અરવલ્લી જીલ્લાના હિત અને પ્રશ્નોના સમાધાન માટે મળી જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

કમલમ્ ન્યુઝ,અરવલ્લી

મોડાસા કલેકટર કચેરી ખાતે કલેક્ટર શ્રીપ્રશસ્તિપરીકની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. બેઠકમાં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઇ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામસભર બનાવવા પણ સૂચન કરાયા. ઉપરાંતપ્રી મોન્સુન કામગિરી, વૃક્ષારોપણ, યોગદિવસ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેશ કેડિયા, ઇન્ચાર્જ જિલ્લા પોલીસ વડાશ્રી સંજય કેશવાલા, અધીક નિવાસી કલેક્ટર જશવંત જેગોડા, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેશ કુચારા સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ દ્વારા મૃત્યુ સહાયનો ચેક વિતરણ કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ,

માણસા તાલુકાના ધોળાકુવા ગામના બે આશાસ્પદ યુવાનો અંબોડ ગામે મહાકાલી માતાજીના દર્શનાર્થે ગયેલા, તે વખતે સાબરમતી નદીમાં સ્નાન કરતી વખતે અકસ્માતે ડૂબી જવાથી (૧) સુનિલ ભરતજી ઠાકોર અને (૨) સુમિત ભરતજી ઠાકોરનું અકાળે અવસાન થયેલ હતું. આ ઉપરાંત ધોળાકુવા ગામના યુવાન યોગેશકુમાર અરવિંદભાઈ પટેલનું પણ અકસ્માત થતાં અકાળે અવસાન થયેલ હતું. માણસા તાલુકાના રીદ્રોલ ગામની દીકરી સુ.શ્રી પ્રિયલબેન લક્ષ્મીનારાયણ પાંડેનું પણ અકાળે માર્ગ અકસ્માતમાં અવસાન થયેલ હતું. આ યુવાન નાગરિકોના અકસ્માતે થયેલ દુઃખદ અવસાનમાં સરકારશ્રી મદદરુપ થાય તે માટે માન. ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ સાહેબ ધ્વારા રજૂઆત થતાં, માનનીય મુખ્યમંત્રીશ્રી ધ્વારા પત્યેક મૃતક દીઠ રુ. ૪-૦૦ લાખ સહાય તેમના પરિવારજનોને મંજુર થયેલ છે.

આ સહાયના રુ.. ૧૬ લાખના ચેકનું વિતરણ (૧) ધોળાકુવાર મુકામે તા. ૧૪-૬-૨૦૨૪ શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ વાગે અને (૨) રીદ્રોલ મુકામે સવારે ૧૧-૦૦ વાગે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માણસા મત વિસ્તારના સંગઠન પદાધિકારીશ્રીઓ, ચૂંટાયેલ પાંખ, આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો હાજર રહે તેવી વિનંતી છે.

ચોર્યાસી તાલુકાના હજીરા ગામે રૂ.૨.૪૧ કરોડ અને સુવાલી ગામે રૂ.૮૦.૩૬ લાખના ખર્ચે સાકારિત થનાર ડિસેલીનેશન આર.ઓ પ્લાન્ટસનું ખાતમુહૂર્ત કરતા વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ચોર્યાસી તાલુકાના હજીરા ગામમાં રૂ.૨.૪૧ કરોડ ખર્ચે ત્રણ ડિસેલીનેશન આર.ઓ પ્લાન્ટ અને સુવાલીમાં રૂ.૮૦.૩૬ લાખના ખર્ચે સાકારિત થનાર એક ડિસેલીનેશન આર.ઓ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરાયું હતું. નોટીફાઈડ ફંડ હેઠળ ચોર્યાસી તાલુકાના સુવાલી અને હજીરામાં મંજુર થયેલા ૫૦૦૦ લીટર ક્ષમતાનાં આર.ઓ પ્લાન્ટ થકી ગામજનોને પીવાનું મીઠું પાણી ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈ, તાલુકા સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, સુવાલી અને હજીરાના સરપંચ, અગ્રણીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રૂ.૫.૬૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી કઠોદરા પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ કરતા શિક્ષણરાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા

બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવા અને સુરત મનપાના ડેપ્યુટી મેયર ડો.નરેન્દ્રભાઇ પાટીલની પ્રેરક ઉપસ્થિતિ

છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બે લાખ બાળકોએ પ્રાઇવેટ સ્કૂલમાંથી સરકારી સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યો છે:શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

સુરત મહાનગર પાલિકા વિસ્તારના નવા પૂર્વઝોન સરથાણાના નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કઠોદરા પ્રાથમિક શાળા ક્રમાંક ૩૮૫ના રૂ.૫.૬૫ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ નવા મકાનનું શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રીપ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું કે, રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ ઓફ એક્સેલેન્સ પ્રોજેક્ટ અંતર્ગત ૫૦ હજાર સ્માર્ટ બોર્ડ સાથેના ક્લાસરૂમમાં આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણ મળી રહ્યું છે. આ શાળામાં ૫ સ્માર્ટ ક્લાસ આપવામાં આવ્યા છે. કામરેજ તાલુકામાં પીએમ આવાસ યોજના અંતર્ગત ૧૬૦૦થી આવાસ બની રહ્યા છે એમ જણાવી રાજ્ય સરકારે નાનામાં નાના વ્યક્તિને કેન્દ્રમાં રાખી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. બાળકોને નાનપણથી જ્ઞાતિવાદથી દૂર રાખવા અને હંમેશા બાળકોને સત્યના સહારે ચાલવા માટે શિક્ષણ આપવા વાલીઓને જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું કે, નવી શિક્ષણનીતિના કારણે આવનારા સમયમાં ગુજરાત શિક્ષણક્ષેત્રે અગ્રેસર બનશે. છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં ૨ લાખ બાળકોએ પ્રાઈવેટ સ્કૂલમાંથી સરકારી સ્કૂલોમાં એડમિશન લીધા છે. કામરેજમાં આવનાર સમયમાં ૩૦૦ બેડની સુવિધા સાથે હોસ્પિટલ તથા સાયન્સ કોલેજ પણ બનાવવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, શાળાનું નવું મકાન સંપૂર્ણ આધુનિક સુવિધાઓથી સજ્જ છે ત્યારે આ સંકુલમાં અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તારે નામના મેળવે તેવી કામના વ્યકત કરી હતી. પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા યુક્ત મળ્યા બાદ બાળક જીવનમાં ક્યારેય પાછળ રહેશે નહિ તેમ જણાવીને ઉપસ્થિત સૌ બાળકોને ઉજ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જૂની શાળાને તોડીને નિર્મિત થયેલી નવી શાળા ગ્રાઉન્ડ ફ્લોર સાથેના ત્રણ માળના નવા મકાનમાં કુલ ૨૧ ઓરડા બનાવવામાં આવ્યા છે. બાલવાટિકા સાથે ધો.૧ થી ૮ના ૮૪૦ જેટલા બાળકો અભ્યાસ કરી શકે છે. આધુનિક સુવિધાઓથી સજ્જ શાળામાં કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, મિડ ડે મિલ હોલ, મલ્ટીપર્પઝ હોલ, પ્રિન્સિપાલ રૂમ, સ્ટોર રૂમ, સ્ટાફ રૂમ, લિફ્ટ, ફાયર સેફ્ટી સિસ્ટમ અને જેવી સુવિધાઓથી સજ્જ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મનપા ડેપ્યુટીમેયર ડૉ.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયા, દંડક ધર્મેશ વાણિયાવાલા, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, પૂર્વ ડે.મેયર દિનેશ જોધાણી, વિસ્તારના કોર્પોરેટરો, સમાજના અગ્રણીઓ, મનપાના કર્મચારી, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કર્મ આપણી સંસ્કૃતિ, આપણે સારા કર્મ કરીએ ત્યારે તેનું ફળ અવશ્ય સારું જ મળે છે :- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અમદાવાદમાં શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત "ધ રીયલ હીરોઝ" એવોર્ડ સમારોહમાં પ્રેરક ઉપસ્થિતિ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક-એક પળ અને એક - એક મિનિટ પ્રજાજનોની સેવા માટે તત્પર- શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના તમામ ક્ષેત્રમાં વિકાસ થયો

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત "ધ રીયલ હીરોઝ"એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ સમારોહમાં સમાજ માટે ઉદાહરણ રૂપ કામગીરી કરનારી ૧૫ જેટલી સંસ્થાઓને 'રિયલ હીરોઝ'ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતા. આ એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાજ જીવનમાં વિવિધ ક્ષેત્રમાં સેવાપ્રદાન કરનાર 'રીયલ હીરોઝ'ને અભિનંદન પાઠવતા કહ્યું કે, કર્મ આપણી સંસ્કૃતિ છે. આપણે સૌ કર્મ પર વધારે માનીએ છીએ. કર્મ જ્યારે આપણે સારા કર્મ કરીએ છીએ, ત્યારે તેનું ફળ અવશ્ય સારું જ મળે છે. જ્યારે આપણને કર્મનું ફળ મળી જાય છે ત્યાંથી જ એક નવા કર્મની શરૂઆત પણ થઈ જાય છે એટલે સૌ કોઈએ સારા કર્મો સતત કરતા રહેવું જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે, આપણી સમક્ષ એવા ઘણા ઉદાહરણો પણ છે કે, જેમની પાસે કંઈ જ નથી એ વ્યક્તિ પણ આજે નાનામાં નાના વ્યક્તિનો વિચાર કરે છે અને સારું કર્મ કરે છે અને આજ આપણી પણ સંસ્કૃતિ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના સેવા કાર્યોની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એક-એક પળ અને એક-એક મિનિટ પ્રજાજનોની સેવા માટે તત્પર છે. શ્રી નરેન્દ્રભાઈ હંમેશાથી કહેતા આવ્યા છે કે , હું ભારત દેશ માટે ૨૪ કલાક એટલે કે એક-એક પળ દેશના વિકાસ માટે કામ કરવામાં તત્પર છું. શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની આ સેવાને કારણે જ આજે દેશના તમામ ક્ષેત્રમાં વિકાસ થયો છે. આ એવોર્ડ કાર્યક્રમ અંગે શ્રી સવા ફાઉન્ડેશનના સ્થાપક સુશ્રી અમી મોદીએ કહ્યું કે, પ્રથમ વખત આ પ્રકારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમને એવોર્ડ આપવામાં આવ્યો છે એ તમામ લોકો સમાજના રીયલ હીરો છે અને તેમને તેમના જ કાર્યો માટે સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની કામગીરીનું વળતર એ એવોર્ડ નથી પરંતુ આ તમામ લોકો પડદા પાછળ રહીને લોકોની સેવા માટે અવિરતપણે કામ કરી રહ્યાં છે તેમને બિરદાવવા માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૫ ફાઉન્ડેશનને ૫૦,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સમાજ માટે કંઈ કરી છૂટનાર અને નિઃસ્વાર્થભાવે સેવા કરનારા લોકો માટે પ્રથમ વાર "ધ રીયલ હીરોઝ"એવોર્ડ કાર્યક્રમ બોડકદેવ ખાતે યોજાયો હતો. શ્રી સવા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમાજ માટે ઉદાહરણ રૂપ કામગીરી કરનારી સંસ્થાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ અવસરે સામાજિક આગેવાનો તેમજ વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં આ સંસ્થા સાથે જોડાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028